# Maha Yagya, Farewell & Women's Day Celebrations

# 2024-25

Managed by Arya Kanya Vidyalaya Trust

**Gurukul Mahila Arts and Commerce College**

At & Post : Tapobhumi, Arya Kanya Gurukul Campus, Jubilee, Bokhira Vistaar,
PORBANDAR– 360579 GUJ INDIA

Re-Accredited 'B++' (CGPA 2.99) by NAAC

Phone : +91 286 2245561|+91 9374129126







































PRINCIPAL


DEPARTMENT OF ENGLISH



# DEPARTMENT OF HINDI





DEPARTMENT OF GUJARATI





DEPARTMENT OF HOME SCIENCE




DEPARTMENT OF ECONOMICS



DEPARTMENT OF COMMERCE (GM)





## DEPARTMENT OF COMMERCE (EM)



# ગુરુકુળ મહિલા કોલેજમાં મહિલા દિવસની ઉજવણીના ભાગરૂપે વિશ્વ કલ્યાણ અર્થે યજ્ઞ યોજાયો

## વિદ્યાર્થીનીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે મહાયજ્ઞ તેમજ તૃતીય વર્ષની વિદ્યાર્થીનીઓનો સન્માન તથા વિદાય સમારંભ યોજાયો...







પોરબંદર(પ્રતિનિધિ) પોરબંદર ખબર

પોરબંદર ગુરુકુળ મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં પ્રાચાર્ય શ્રી ડૉ. અનુપમભાઈ નાગર અને ઉપાચાર્યા પ્રો. રોહિણીબા જાડેજાના માર્ગદર્શન અને પ્રેરણાથી મહિલા દિવસની ઉજવણીના ભાગરૂપે વિશ્વ કલ્યાણ અર્થે તેમજ વિદાય લેતી તૃતીય વર્ષ બી. એ., બી.કોમ. ની વિદ્યાર્થીનીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે મહાયજ્ઞ તેમજ તૃતીય વર્ષની વિદ્યાર્થીનીઓનો વિદાય સમારંભ યોજાયો. જેમાં સમૂહ પ્રાર્થના બાદ વિદ્યાર્થીનીઓ તથા બધા જ પ્રાધ્યાપકોએ વૈદિક મંત્રોથી પ્રાતઃ સંધ્યા કર્યા બાદ ઋગ્વેદ તેમજ યજુર્વેદના મંત્રોચ્ચાર વડે આહુતિ આપી વિધિવત્ રીતે હવન કરેલો. આ હવનથી સમસ્ત વિશ્વનું કલ્યાણ થાય તેમજ તૃતીય વર્ષ બી. એ., બી.કોમ.માંથી વિદાય લેતી વિદ્યાર્થીની બહેનોનું ભવિષ્ય ઉજ્જવળ થાય અને તેઓની મહેનતથી તેઓ પોતાનું, પોતાના માતા-પિતાનું અને કોલેજનું નામ ઉજ્જવળ કરે તેવી અભ્યર્થના વ્યક્ત થયેલી.

ત્યારબાદ બીજા તબક્કામાં વિદાય સમારંભની શરૂઆતમાં ગીત સંગીત નૃત્ય ધારા તેમજ હિન્દી વિભાગના અધ્યક્ષા ડૉ. શાંતીબેન ઓડેદરા(?) શાબ્દિક સ્વાગત કરેલું. ત્યારબાદ કોલેજની એસ.વાય. બી.એ. ઇંગ્લિશની વિદ્યાર્થીની કુ. ભાગવતી સુએજાએ કોલેજમાંથી વિદાય લેતી તૃતીય વર્ષની વિદ્યાર્થીનીઓને શુભેચ્છા વક્તવ્ય પ્રદાન કરેલ.

ત્યાર બાદ કોમર્સ ગુજરાતી માધ્યમની તૃતીય વર્ષની વિદ્યાર્થીની કુ. અંકિતા વેદિયાએ પોતાના પ્રતિભાવો રજૂ કરતા પોતાના ત્રણ વર્ષના અભ્યાસ દરમિયાનના અનુભવો વ્યક્ત કર્યા અને કોલેજ તથા ગુરુજનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરેલી. ત્યારબાદ મહિલા દિન અંતર્ગત દરેક વિભાગની બે શ્રેષ્ઠ વિદ્યાર્થીનીઓને પારિતોષિક અર્પણ કરાયા જેમાં અનુક્રમે અંગ્રેજી વિભાગમાંથી કુ. દિયા દેવમુરારી તેમજ કુ. પૂજા જોશીને, હિન્દી વિભાગમાંથી કુ. રાણી પરિ અને કુ. મનીષા ઓડેદરાને, ગુજરાતી વિભાગમાંથી કુ. મધુ ખૂંટી અને કુ. હિના સુંડાવદરાને, અર્થશાસ્ત્ર વિભાગમાંથી કુ. કિંજલ સીડા અને કુ. સેજલ કુછડીયાને, હોમ સાયન્સ વિભાગમાંથી કુ. અનીશા કેશવાલા અને કુ. કરિશ્મા ચુડાસમાને, કોમર્સ વિભાગ (ગુજરાતી માધ્યમ) માંથી કુ. પ્રીતિ માવાણી અને કુ. અદિતિ ભાલણીયાને તથા કોમર્સ વિભાગ (અંગ્રેજી માધ્યમ) માંથી કુ. ડિમ્પલ કુછવાલ અને કુ. અર્ચના મોતીવરસને પારિતોષિક અર્પણ કરાયા.

ત્યારબાદ ગુજરાતી વિભાગની કુ. મધુ ખૂંટીએ પોતાના પ્રતિભાવો રજૂ કરી કોલેજના ત્રણ વર્ષ દરમિયાન ના સંસ્મરણો વાગોળ્યા. પછી દર ગુરુવારે કોલેજમાં યજ્ઞ યજ્ઞની જવાબદારી સંભાળતા અંગ્રેજી વિભાગના કુ. અદિતિ દવેને મોમેન્ટો આપી તેનું સન્માન કરાયું અને હવનમાં ભાગ લેતી તૃતીય વર્ષની વિદ્યાર્થીનીઓ કુ. રાજી પરમાર, કુ. ખુશી જોશી, કુ. સંસ્કૃતિ કારાવદરા અને કુ. મયુરી ગોહેલને પણ પારિતોષિક આપી તેઓનું સન્માન કરાયેલું.

કાર્યક્રમના અંતિમ પડાવમાં કોમર્સ વિભાગના ડૉ. ભરતસિંહ કેશિયાએ વિદાય થઈ રહેલ તૃતીય વર્ષની તમામ દીકરીઓને પોતાની આગવી શૈલીમાં આશીર્વાદ આપી આશીર્વચન પાઠવેલ અને અંતમાં અંગ્રેજી વિભાગના કુ. અદિતીબેન દવેએ કાર્યક્રમની આભાર વિધિ કરી.

કાર્યક્રમની પૂર્ણાહુતિ શાંતિપાઠથી કરેલ. કાર્યક્રમનું સુચારુ સંચાલન કોલેજના કોમર્સ વિભાગના વ્યાખ્યાતા પ્રો. અમીબેન પઢિયારે કરેલ.

આ કાર્યક્રમને સફળ બનાવવા કોલેજના ઉપાચાર્યા અને હોમ સાયન્સ વિભાગના અધ્યક્ષા પ્રો. રોહિણીબા જાડેજા, ગીત સંગીત નૃત્ય ધારાના અધ્યક્ષા ડૉ. શાંતિબેન ઓડેદરા તેમજ સભ્યશ્રીઓ ડૉ. કેતકીબેન પંડ્યા, પ્રો. અમીબેન પઢિયાર, પ્રો. અદિતીબેન દવે તેમજ પ્રતિનિધિ વિદ્યાર્થીનીઓએ જહેમત ઉઠાવેલ.

PORBANDAR